ઉનાળાની કાળઝાળ ગરમી સૌને દઝાડી રહી છે. પશુ-પંખીઓની હાલત કફોડી બની છે. બપોરના સમયે તો છાંયો શોધવા પશુ-પંખીઓ બેબાકળા બની જાય છે. પર્યાવરણ પ્રેમીએ પંખીઓને તડકાથી બચાવવા માટે ઝાડ પર માટલુ ગોઠવ્યુ છે. પંખીઓ તેમાં ઘર બનાવી આશરો લઈ રહ્યા છે.

ઘ-માર્ગના રીસરફેસીંગનુ કામ છેલ્લા ત્રણ મહિનાથી લટકેલું છે

ગત જાન્યુઆરીમાં તાત્કાલિક સરકારી મશીનરીના આધારે રીસરફેસીંગનુ કામ શરૂ કરાયુ હતુ પરંતુ વાઇબ્રન્ટ સમિટ મોકુર રહ્યા બાદ હજુ અધુરુ કામ પુર્ણ થયુ નથી

ગાંધીનગર તા ૭

ગાંધીનગરમાં છેલ્લા ઘણાં સમયથી માર્ગ સુધારણાના કામો અટવાયા છે. જો કે સેકટરોમાં પાણી ગટર લાઈનને અનુલક્ષી ખોદકામ ચાલી રહ્યુ છે ત્યારે આંતરિક માર્ગોની સુધારણાનુ કામ આમ પણ થઈ શકે તેમ નથી જયારે બીજીતરફ નગરના મુખ્ય ઘ માર્ગનુ કામ પણ છેલ્લા ત્રણ મહીનાના અંતે પુર્ણ થયુ નથી ગત વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી નગરના ઘ માર્ગના રીસરફેસીંગનુ કામ ત્વરિત હાથ ધરવામાં આવ્યુ હતુ સરકારી પ્લાન્ટની મશીનરીના આધારે આ કામગીરી હાથ ધરવામાં આવી હતી પરંતુ વાઈબ્રન્ટનુ આયોજન પડતુ મુકાતા આ કામગીરી પણ અધુરી છોડી દેવામાં આવી છે. જેના લીધે હજુ પણ ઘ- ૪થી ઘ-૭ વચ્ચેના રૂટમાં માર્ગના રીસરફેસીંગનુ કામ બાકી છે.

ગાંધીનગરમાં ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન નગરના માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવા માટે આયોજન કરાયુ હતુ. માર્ગોના રીસરફેસીંગ ઉપરાંત રોડ ફર્નિચરની કામગીરી પણ શરૂ કરવામાં આવી હતી. પરંતુ વાઈબ્રન્ટ સમિટનુ આયોજન પડતુ મુકાતા શહેરમાં માર્ગ સુધારણા સહીતના વિવિધ કામો ઉપર પણ બ્રેક વાગી ગઈ હતી. જયારે આજે ત્રણ મહીનાના લાંબા સમયના અંતે પણ આ કામગીરી પુર્ણ થઈ શકી નથી. શહેરના સેકટરોમાં આંતરિક માર્ગોની દશા છેલ્લા ઘણાં સમયથી ખરાબ છે. અલબત્ત સેકટરોના આંતરિક માર્ગોની સુધારણા ચાર વર્ષના નિયત સમયના અંતે પણ થઈ નથી. જેના લીધે સેકટરોમાં મોટાભાગના આંતરિક રસ્તાઓ ઉબડ ખાબડ જોવા મળી રહ્યા છે. પરંતુ એકબાજુ પાણી ગટરની લાઈનનુ ખોદકામ પણ હાથ ધરવામાં આવ્યુ છે જેથી આગામી નજીકના સમયમાં માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવશે નહીં. સે-૨૮ અને સે-૨૯ માં માર્ગ સુધારણાના કામો મંજુર થયા હોવા છતા હાલ આ કામગીરી હાથ ધરવામાં આવશે નહીં. બીજીતરફ નગરના મુખ્ય ઘ માર્ગના રીસરફેસીંગનુ કામ પણ લાંબા સમયથી કરવામાં આવ્યુ નથી જેના લીધે મુખ્ય ઘ માર્ગની હાલત ખરાબ છે. ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન શહેરના મુખ્ય માર્ગોના રીસરફેસીંગનુ કામ હાથ ધરવા માટે આયોજન કરાયુ હતુ. જયારે નગરના મુખ્ય ઘ માર્ગનુ કામ પણ

● અનુસંધાન પાન-૭ પર

પી.ડી.પી.યુ.નો કાનપુરથી આવેલો યુવાન કોરોનામાં સપડાયો

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરમાં કોરોનાનો વધુ એક કેસ નોંધાયો છે જયારે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા નવ દિવસથી નવો કેસ નોંધાયો નથી.

ગાંધીનગર શહેરમાં કોરોનાના છુટાછવાયા કેસો નોંધાવાનો સિલસિલો હજુ યથાવત્ રહેવા પામ્યો છે. શહેરમાં સમાવિષ્ટ રાયસણ ગામેથી કોરોનાનો કેસ મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે રાયસણ નજીક આવેલ પી.ડી.પી.યુ. સંકુલમાં એક ૨૫ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાન ૧લી મે ના રોજ કાનપુરથી સંસ્થામાં પરત ફરેલ છે. આ યુવાને હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં છુટાછવાયા કેસો મળી રહ્યા છે. જે.એન.એલ.યુ. બાદ આઈ.આઈ.ટી. તેમજ હવે પી.ડી.પી.યુ.માંથી કેસ મળતાં તંત્રમાં ચિંતાનો માહોલ છવાઈ જવા પામ્યો છે. શહેરમાં નોંધાયેલા કેસોમાં મોટા ભાગના દર્દીઓની ટ્રાવેલ હિસ્ટ્રી અથવા અન્ય રાજ્યમાંથી પરત ફર્યાની સામે આવી રહી છે.

શહેરમાં જોકે સંક્રમણની સ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો તંત્ર જરૂર કરી રહેલ છે. તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા સાથે જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા તાકીદ કરી છે. આજે નોંધાયેલ કેસ સાથે શહેરમાં એક્ટીવ દર્દીઓની સંખ્યા ૧૦ થઈ છે. મોટાભાગના દર્દીઓમાં કોરોનાના હળવા લક્ષણો દેખાયા હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના વિકલ્પને ગ્રાહ્ય રાખ્યો છે. શહેરમાં કોરોના પ્રતિકાર માટે વેક્સિનેશન અભિયાન સઘન બનાવવા સાથે સઘન સર્વેલન્સની વ્યુહરચના તૈયાર કરી દીધી હોવાનું તંત્રના વિશ્વસનીય સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

સેકટરોમાં આતંક મચાવતા વાંદરાઓથી રહીશોમાં ભય

ગાંધીનગરમાં તોફાની વાંદરાથી ત્રસ્ત રહીશો રોજ વનતંત્રને ફરિયાદ કરે છે પરંતુ સેકટરોમાં હીંસક બની આતંક મચાવતા વાંદરાઓને પાંજરે પુરવાનુ વનતંત્રએ એક દાયકાથી બંધ કરી દીધુ છે : વર્ષ દરમિયાન વનતંત્રને ૨૫૦ થી વધુ ફરિયાદો મળે છે

ગાંધીનગર તા ૭

ગાંધીનગરમાં રખડતા ઢોરની દાયકાઓ જુના જટીલ પ્રશ્નનો હજુ અંત આવ્યો નથી. રખડતા ઢોર સાથે નીલગાયનો ત્રાસ પણ વધી ગયો છે. જયારે સેકટરોમાં તોફાને ચઢી આતંક મચાવતા વાંદરાઓ પણ નગરજનોની મુશ્કેલી વધારી છે. સેકટરોમાં આતંક મચાવી હીંસક બનતા વાંદરાઓની વનતંત્રને રોજ બરોજ એકાદ ફરિયાદ મળે છે પરંતુ વનતંત્ર કક્ષાએથી આ ફરિયાદોના અનુસંધાને કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવતી નથી જેના લીધે સેકટરોમાં ખાસ કરીને મહીલાઓ અને બાળકોમાં હવે વાંદરાની આ હીંસક વૃતિથી ભયનો માહોલ સર્જાયો છે. વનતંત્રએ છેલ્લા એક દાયકાથી તોફાની વાંદરાઓને પાંજરે પુરવાની કામગીરી બંધ કરી દીધી છે. જેના લીધે સેકટરવાસીઓની મુંઝવણ વધી છે.

ગાંધીનગરમાં રખડતા ઢોરની સમસ્યાનો હજુ પણ ઉકેલ આવ્યો નથી કોર્પોરેશનનુ તંત્ર કાર્યરત થયા બાદ પણ આ મામલે હજુ સુધી અસરકારક કામગીરી થઈ શકી નથી. જેના લીધે સેકટરોમાં હાલ પણ રખડતા ઢોર જોવા મળી રહ્યા છે. સેકટરાના આંતરિક માર્ગો તેમજ સોસાયટીના કોમન પ્લોટમાં પણ રખડતા ઢોરનો ત્રાસ વધુ છે. આ સ્થિતિ વચ્ચે શાકમાર્કેટ જેવા જાહેર સ્થળોએ પણ રખડતા ઢોર નાગરિકાને અડફેટે લેતા હોવાના પણ કિસ્સા છે. જયારે સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા ગાંધીનગરમાં રખડતી ગાયો અને આખલાની સાથે નીલગાય પણ માર્ગ સલામતી અને હરિયાળી માટે જોખમી બની છે. આ ઉપરાંત સેકટરોમાં રોજબરોજ ઉછળકુદ કરતા વાંદરાઓનો આંતક પણ વધુ છે. સેકટરોમાં રોજબરોજ વાંદરા તોફાને ચઢયા હોવાની ફરિયાદો ઉઠવા પામે છે. વાંદરાઓની આ તોફાની હરકત સેકટરવાસીઓ માટે અનેકરીતે મુશ્કેલીરૂપ બની છે. કયારેક રહીશોને ઈજા પહોંચાડતા વાંદરાઓ કાર અને ઘરની અન્ય કીંમતી ચીજવસ્તુઓને પણ નુકશાન પહોંચાડે છે. વાંદરાઓના આતંકના લીધે રહીશો કલાકો સુધી ઘરમાં પુરાયેલા રહ્યા હોવાના પણ દાખલા છે. જયારે સેકટરોમાં હીંસક બનતા વાંદરાઓની સંખ્યા વિશેષ છે. આ સ્થિતિ વચ્ચે સેકટરના રહીશોને પણ ઘણીવાર લોહીયાળ ઈજા થઈ હોવાના કીસ્સા ધ્યાને આવ્યા છે. વાંદરાઓના આંતક સામે વનતંત્રને પણ રોજબરોજ ફરિયાદ મળે છે. શહેરમાં નીલગાયની જેમ વાંદરાઓની સંખ્યા પણ વિશેષ છે. પરંતુ વનતંત્ર દ્વારા છેલ્લા એક દાયકાથી વાંદરા પકડવાની કામગીરી કરવામાં આવતી નથી. થોડ સમય અગાઉ જ સરઢવની એક શાળામાં તોફાને ચઢેલા બે વાંદરાઓને પકડવામાં આવ્યા હતા પરંતુ નિયમિત રૂપે ફરિયાદનુ નિરાકરણ આવી શકે તે માટે વનતંત્ર પાસે મેનપાવર નથી.

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લાની ૪ પ્રાથમિક શાળાઓના એકિકરણની દરખાસ્તને મંજૂરી

દહેગામના રાજાજીના મુવાડા, કલોલની પ્રાથમિક શાળા નં.૧૩, માણસા કુમાર શાળા-૧ અને સરઢવ કન્યા શાળાના એકિકરણની દરખાસ્ત મંજુર

ગાંધીનગર, તા. ૭

જિલ્લાની ૪ પ્રા. શાળાઓ આગામી શૈક્ષણિક સત્રથી મર્જ કરવામાં આવશે. જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિએ પણ આ નિર્ણયને મંજૂરીની મહોર લગાવી દીધી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાની ચારેય તાલુકાની એક-એક શાળાને મર્જ કરવામાં આવનાર છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે દહેગામ તાલુકાના રાજાજી મુવાડાની પ્રા. શાળાના ધો. ૬ થી ૮ ના વર્ગોને ચેખલાપગી પ્રા. શાળા સાથે મર્જ કરવામાં આવનાર છે. ધો. ૬ થી ૮ માં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી છે તેમજ આ બે શાળાઓ વચ્ચેનું અંતર પણ ઓછુ છે.

કલોલ શહેરમાં પ્રા. શાળા નં. ૧૩ની પ્રા. શાળાને કલોલ શહેરની પ્રા. શાળા નં. ૭ માં મર્જ કરવામાં આવશે. ભારત વિજય મીલની ચાલીમાં વસ્તીનું ભારણ ઘટતાં અહિ બાળકોની સંખ્યા ઘટી રહી છે એટલે આ શાળા મર્જ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

માણસા કુમાર શાળા-૧ અને માણસા કન્યા શાળા-૧ નું પણ એકીકરણ કરવામાં આવનાર છે.

આ ઉપરાંત ગાંધીનગર તાલુકાની સરઢવ કન્યા શાળા અને સરઢવ કુમાર શાળાનું એકીકરણ કરવામાં આવનાર છે. ગ્રામજનો છેલ્લા ઘણા સમયથી આ માંગણી કરી રહ્યા હતા. આ અંગે શાળા સમિતિએ પણ પ્રસ્તાવ પસાર કર્યો હોવાથી શિક્ષણ સમિતિએ આ શાળા એકીકરણની દરખાસ્તોને બહાલી આપી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાની વિવિધ પ્રા. શાળાઓ જે જુની અને જર્જરિત વર્ગખંડો ધરાવે છે તેની દરખાસ્તો મળેથી તેના વર્ગખંડો ઉતારી લેવાની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે.

સરકારી પ્રા. શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘણી ઓછી હોવાથી શાળા એકીકરણની દરખાસ્ત પર ચર્ચા-વિચારણાને અંતે નિર્ણય લેવામાં આવ્યો હોવાની સ્પષ્ટ વાત તંત્રના સૂત્રોએ કરી છે.

શાળા એકીકરણની મંજૂરીને હવે સામાન્ય સભામાં પણ બહાલી માટે રજુ કરવામાં આવશે. આ શાળાઓનું એકીકરણ આગામી શૈક્ષણિક સત્રથી અમલી બનશે તેમ આ સૂત્રોએ કહ્યુ છે.

કોલવડા આર્યુવેદિક હોસ્પિટલમાં પાણી બંધ થતા દર્દીઓને ગેસ્ટ હાઉસમાં શીફટ કરાયા

પાણીના સંપની મોટર બળી જવાના લીધે દર્દીઓ અને સ્ટાફ માટે આકરી ગરમીમાં મુસીબત ઉભી થઇ : મોટર સાંજ સુધીમાં રીપેર થઇ જતા દર્દીઓને પરત લાવી દેવામાં આવશે : ડો રાકેશ ભટ્ટ

ગાંધીનગર તા ૭

ગાંધીનગર નજીક સ્થિત કોલવડા આર્યુવેદિક હોસ્પિટલમાં આજે આકરી ગરમીમાં દર્દીઓ અને સ્ટાફ માટે મુસીબત ઉભી થઈ હતી. પાણીના સંપની મોટર બળી જતા સપ્લાય ખોરવાયો હતો આ સ્થિતિ વચ્ચે હોસ્પિટલમાં દાખલ ૧૦ જેટલા દર્દીઓને ગેસ્ટ હાઉસમાં ખસેડવાની નોબત આવી હતી. જો કે ટુંકમાં જ અ સમસ્યા હલ થઈ જતા દર્દીઓને પરત હોસ્પિટલમાં પરત લાવી દેવામાં આવશે. કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલી હોસ્પિટલના સંકુલમાં અગાઉ દુષિતા પાણીના ભરાવાની સમસ્યા પણ ઉદભવી હતી.

ગાંધીનગર નજીક સ્થિત કોલવડા આર્યુવેદિક હોસ્પિટલમાં મોટરમાં ક્ષતિ ઉદભવતા છેલ્લા ત્રણ દિવસથી પાણીની પોકાર ઉઠવા પામી છે. આકરી ગરમીમાં પાણીની સમસ્યા સર્જાતા દર્દીઓ તેમજ હોસ્પિટલનો સ્ટાફ પણ ત્રાહીમામ પોકારી ગયો છે. હોસ્પિટલમાં પાણીના કકળાટ વચ્ચે દર્દીઓને પણ અન્ય જગ્યાએ સિફટ કરવાની નોબત આવી હતી. જયારે કેટલાક દર્દીઓને હોસ્પિટલમાંથી ડીસ્ચાર્જ આપી દેવાયુ હતુ. બીજીતરફ કેટલાક દર્દીઓને ગેસ્ટ હાઉસમાં આશરો આપવામાં આવ્યો છે. જો કે આ મામલે હોસ્પિટલના ઈન્ચાર્જ ડો રાકેશ ભટ્ટે દર્દીઓને પાણીની સમસ્યાને અનુલક્ષી દર્દીઓને ડિસ્ચાર્જ કરાયા હોવાની વાત સાથે અસંમતિ દર્શાવી છે. કોલવડામાં કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલી આર્યુવેદિક હાસ્પિટલની સાથે મેડિકલ કોલેજનુ પણ નિર્માણ કરાયુ છે. હોસ્પિટલના અદ્યતન બિલ્ડીંગમાં સાધન સામગ્રી પણ આધુનિક છે.

જો કે આ સ્થિતિ વચ્ચે પણ માળખાગત સુવિધાના મામલે વારંવાર સમસ્યાઓ ઉદભવતી હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. અંદાજિત ૧૦૦ બેડની આ હોસ્ટિલમાં કોરોના કાળ દરમિયાન પણ દર્દીઓને ઉત્તમ સારવાર પુરી પાડવામાં આવી હતી. પરંતુ માળખાગત સુવિધાના પ્રશ્ને આ હોસ્પિટલમાં છાશવારે પ્રશ્નો સર્જાય છે. થોડા સમય અગાઉ પણ દુષિત પાણીનો ભરાવો થતા પણ ગંદકીના દ્રશ્યો જોવા મળ્યા હતા. આ સ્થિતિ વચ્ચે દર્દીઓ તેમજ હોસ્પિટલના સ્ટાફને પણ પરેશાની વેઠવાનો વારો આવે છે.

આર્યુવેદિક હોસ્પિટલમાં દર્દીઓને સારવાર આપતા ડો રાકેશ ભટ્ટે આ અંગે જણાંવ્યુ હતુ કે હોસ્પિટલમાં પાણીનો સપ્લાય આપતા સંપની મોટર બળી જતા આજે પાણીની સમસ્યા ઉભી થઈ છે. જયારે આ દરમિયાન ૧૦ દર્દીઓને અન્ય જગ્યાએ સિફટ કરાયા છે. અલબત્ત ગેસ્ટ હાઉસમાં દર્દીઓને શીફટ કરાયા છે. જયારે પાણીની મોટરની સમસ્યા હલ થયા બાદ દર્દીઓને હોસ્પિટલના વોર્ડમાં પરત લાવી દેવાશે.

પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ અંગે મનપાની નવી પહેલ, બોટલ રીસાઈકલિંગ મશીનનો ઉપયોગ શરૂ કરાયો

ગાંધીનગર, તા. ૭

શહેરમાં વેસ્ટ પ્લાસ્ટિક બોટલના યોગ્ય નિકાલ અને તેના રીસાઈકલિંગ માટે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા નવી પહેલ શરૂ કરવામાં આવી છે. ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરશ્રી હિતેષભાઈ મકવાણા તેમજ સ્ટે. સમિતિના ચેરમેનશ્રી જશવંતભાઈ પટેલની હાજરીમાં પ્લાસ્ટિક વેસ્ક કલેકશન મશીનનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. UNDP , CTSI અને NAYARA ENERGY સાથેની ભાગીદારીમાં સ્વચ્છ હાલાર-ઈન્ટીગ્રેટેડ પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ અને એન્ટરપ્રેન્યોરશિપ પ્રમોશનનો અમલ કરી રહી છે. જેના અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકામાં પ્લાસ્ટિક વેસ્ટ કલેકશન મશીન લગાવવામાં આવ્યા છે. હાલ મહાનગરપાલિકાના સહયોગથી પ્રાયોગિક ધોરણે બે રિવર્સ વેન્ડિંગ મશીન (ઈફસ) ઈન્સટોલ કરવામાં આવ્યા છે. આ મશીનમાં પ્લાસ્ટિકની બોટલ અને પ્લાસ્ટિક જમા કરી શકાય છે. મશીનમાં બેગ કે બોટલ નાખનારને પુરસ્કાર સ્વરૂપે વિવિધ ડિસ્કાઉન્ટ કૂપન આપવામાં આવે છે. રિવર્સ લોજિસ્ટિક મોડલ હેઠળ રિવર્સ વેન્ડિંગ મશીન (RVM) દ્વારા પ્લાસ્ટિકની બોટલ અને બેગની રિસાયક્લિંગ અને પુનઃઉપયોગને પ્રોત્સાહન મળે છે. જેથી પ્લાસ્ટિક પ્રદૂષણને અટકાવી શકાય છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા હાલ પાયલટ પ્રોજેક્ટ સ્વરૂપે આ મશીન લગાવવામાં આવ્યા છે. પ્રોજેક્ટ સફળ થયે શહેરના વિવિધ વિસ્તારમાં આવા મશીન લગાવવાની પણ વિચારણા કરવામાં આવી રહી છે.

ધોળાકુવા ગામે યુવક પર કાતર વડે હુમલો

ગાંધીનગર,તા.૭

શહેરને અડીને આવેલા ધોળાકુવા ગામે યુવક પર કાતર વડે હુમલો કરી જાનથી મારી નાંખવાની ધમકી આપતા ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ધોળાકુવા ગામનો સુરેશજી પ્રતાપજી ઠાકોર સેન્ટીંગની મજુરી કરે છે અને પરિવાર સાથે રહે છે. ગત તા.૬ ના રોજ સુરેશ ઠાકોર ગામના રામદેવપીર મંદિર ખાતે મિત્ર વસંત મારવાડી અને જીતુ મારવાડી સાથે બેઠો હતો. તે સમયે સાંજના સાડા છ વાગ્યાના અરસામાં ગામમાં ચાંમુડા માતાના મંદિર પાસે રહેતો રતન મારવાડી સુરેશ ઠાકોર પાસે આવ્યો હતો. તે સમયે વસંત મારવાડી સાથે બોલાચાલી કરી ઝઘડો કરી રહ્યો હતો. જેથી સુરેશ તેમજ જીતુએ વચ્ચે પડીને સમાધાન કરાવ્યું હતું. જયારે સવારના સમયે સુરેશ ઠાકોર તેમજ તેનો મિત્ર જીતુ મારવાડી બંને જણા રતન મારવાડીના ઘરે વસંત સાથે ઝઘડો ના કરે તે માટે સમજાવવા ગયા હતા. તે સમયે રતન મારવાડી એકદમ ઉશ્કેરાઈ ગયો હતો. સુરેશ ઠાકોર અને જીતુ મારવાડીને ગાળાગાળી કરી રહ્યો હતો. તે સમયે ગાળો બોલાવાની ના પાડતા સુરેશ ઠાકોરને ગડદાપાટુનો માર માર્યો હતો. ત્યારબાદ ઘરમાં રહેલી કાતર લઈ સુરેશ ઠાકોરને છાતીના નીચેના ભાગે ડાબી બાજુએ તેમજ પેટની ડાબી બાજુના ભાગે અને પગના ભાગે પાછળની બાજુએથી કાતર મારી હતી. જેથી જીતુ મારવાડી વચ્ચે પડીને છોડાવ્યો હતો.તે સમયે રતન મારવાડીએ ધમકી આપી હતી કે જો ભવિષ્યમાં અમે તેની વાતમાં માથું મારશુ તો તે જાનથી મારી નાંખશે. જયારે સુરેશ ઠાકોરને કાતર મારતા ઈજા થવાથી લોહી નીકળતા ૧૦૮માં સારવાર માટે લઈ જવાયા હતા. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સિનિયર જસ્ટિસ પારડીવાલાની સુપ્રીમમાં જજ તરીકે નિમણૂંક

અમદાવાદ, તા.૭

ગુજરાત હાઈકોર્ટના સિનિયર જજ જે.બી.પારડીવાલાની સુપ્રીમ કોર્ટના જજ તરીકે નિમણૂંક કરવામાં આવી છે. સત્તાવાર રીતે કેન્દ્ર સરકારના કાયદા વિભાગ દ્વારા નોટિફિકેશન બહાર પાડીને આ અંગેની જાહેરાત કરવામાં આવી હતી. અગાઉ ગુજરાત હાઈકોર્ટના સિનિયર જજ જે.બી.પારડીવાલાની સુપ્રીમકોર્ટ કોલેજિયમે સુપ્રીમ કોર્ટના જજ તરીકે તેમની ભલામણ કરી હતી. જે માન્ય રાખવામાં આવી છે.

જસ્ટિસ જે.બી પારડીવાલાનો જન્મ મુંબઈમાં થયો હતો. જસ્ટિસ પારડિવાલાએ ૧૯૯૦માં ગુજરાતના હાઈકોર્ટમાં પ્રેક્ટિસની શરૂઆત કરી હતી. ૧૯૯૪ માં તેમને ગુજરાતની બાર કાઉન્સિલના સભ્ય તરીકે ચૂંટાયા હતા. વર્ષ ૨૦૦૨માં ગુજરાતના હાઈકોર્ટ માટે સ્ટેન્ડિંગ વકીલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ૧૭ ફેબ્રુઆરી ૨૦૧૧ના રોજ ગુજરાત હાઈકોર્ટના જજ તરીકે કાર્યભાર સંભાળ્યો હતો. તેમના પિતા બુરજોર પારડીવાલાએ વલસાડ અને નવસારીના જિલ્લાઓમાં ૫૨ વર્ષ વકીલાત કરી હતી.

૧૨મી ઓગસ્ટ ૧૯૬૫ના રોજ મુંબઈમાં જન્મ. વર્ષ ૧૯૮૫માં જે.પી. આર્ટસ કોલેજ, વલસાડમાંથી સ્નાતક થયા. ૧૯૮૮માં વલસાડની કે.એમ.લો કોલેજમાંથી કાયદાની ડિગ્રી મેળવી. ૧૮મી નવેમ્બર ૧૯૮૮ના રોજ સનદ મેળવી હતી. વકીલોના પરિવારમાં જન્મેલા મૂળ દક્ષિણ ગુજરાતના વલસાડ તરીકે ઓળખાતા નગરના વતની છે. દાદા નવરોજજી ભીખાજી પારડીવાલાએ વર્ષ ૧૮૯૪માં વલસાડ ખાતે પ્રેક્ટિસ શરૂ કરી હતી. દાદા કાવસજી નવરોજજી પારડીવાલા ૧૯૨૯માં વલસાડ ખાતે બારમાં જોડાયા હતા. ૧૯૫૮ સુધી પ્રેક્ટિસ કરી હતી. પિતા બુર્જોર કાવસજી પારડીવાલા ૧૯૫૫માં વલસાડ ખાતે બારમાં જોડાયા હતા.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com